EDI

Divya Bhaskar

January 17, 2016
Page No. 1
of City Bhaskar

### ઈડીઆઈના ડિરેક્ટર સુનિલ શુક્લાએ કહ્યું કે...

# ટેક્નોલોજીના ઉપયોગ સાથે સ્ટાર્ટઅપમાં આગળ વધો



• ઈડીઆઈ ખાતે 'લોંચ ઓફ સ્ટાર્ટઅપ ઈન્ડિયા-સ્ટ્રેટરજી એન્ડ એક્શન પ્લાન ફોર ગુજરાત' પર પેનલ ડિસ્કશન યોજાઈ હતી.

સિટી રિપોર્ટર @ahm_cb

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈ), સીઆઈઆઈ(કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી અને ગવર્નમેન્ટ ઓફ ગુજરાતના ઉપક્રમે શનિવારે 'લોંચ ઓફ સ્ટાર્ટઅપ ઈન્ડિયા-સ્ટ્રેટરજી એન્ડ એક્શન પ્લાન ફોર ગુજરાત' સબ્જેક્ટ પર એક પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પેનલ ડિસ્કશનમાં સેંટર ફોર આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ગવર્નમેન્ટ ઓફ ગુજરાતના ડિરેક્ટર ડો.ચંદન ચેટરજી, સિન્ટેક્સ લિ.ના ચેરમેન એસબી દંગાયચ, કેડોર લિગલના ફાઉન્ડર મનસ્વી થાપર અને ઈડીઆઈના ડિરેક્ટર ડો.સુનિલ શુક્લએ ભાગ લીધો હતો.

## સ્ટાર્ટઅપ શરૂ કરનારની એવરેજ એજ ઓછી

સ્ટાર્ટઅપ શરૂ કરવા માટે સૌપ્રથમ તો ટેક્નોલોજીનો ઉપયોગ કરીને આગળ વધવું જોઈએ. પછી તે સ્ટાર્ટ અપ આઈટી સેક્ટર, સોશિયલ નેટવર્કિંગનું હોય કે ઓટોમોબાઈલ કે પછી કોઈ પણ ફિલ્ડનું હોય. ઈન્ડિયામાં સ્ટાર્ટઅપ શરૂ કરનારની એવરેજ એજ ઓછી થઈ રહી છે ત્યારે આ મિશનમાં ચોક્કસ સફળતા મળશે જ.

• **ડો.સુનિલ શુક્લા,** ડિરેક્ટર, ઈડીઆઈ

## ટેક્સેશન ઈશ્યુને લઈ અવેર રહો

મને લાગે છે કોપી પેસ્ટથી હવે કામ નહી ચાલે. બીજા કોઈનો આઈડિયા આપણે ઈમ્પ્લિમેન્ટ કરીશું તો બહુ નહી ચાલે. તેની સાથે રાજ્યમાં લાયસન્સ રાજને પણ ખતમ કરવું પડશે તો સ્ટાર્ટઅપ શરૂ કરવા માટે યંગસ્ટર્સને પ્રેરણા મળશે. તમારા પ્રોજેક્ટને લઈને ટેક્સેશન ઈશ્યુ અંગે તમે જેટલા અવેર હશો તેટલી મુશ્કેલી ઓછી આવશે.

• **મનસ્વી થાપર,** ફાઉન્ડર, કેન્ડોર લિગલ

## સ્ટાર્ટઅપ તમારા સ્વપ્નો સાથે કનેક્ટ છે

સ્ટાર્ટઅપ માત્ર સ્ટાર્ટઅપ જ નથી. તે તમારા સ્વપ્નો સાથે જોડાયેલું છે. પછી તેને તમે કેવી રીતે શેપ આપો છો તે મહત્વનું છે. કેટલાક સ્ટાર્ટઅપમાં કોઈ પ્રોબ્લેમ આવે તો કહે છે આ તો મેં બનાવ્યું જ નથી. આ જવાબ યોગ્ય નથી. સ્ટાર્ટઅપ શરૂ કરો છો ત્યારે તેની તમામ પ્રોસેસમાંથી તમારે સમજીને પસાર થવાનું છે.

• **ડો.ચંદન ચેટરજી,** ડિરેક્ટર, સેંટર ફોર આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ગવ. ઓફ ગુજરાત